કલમઃ–૪(૧)(બી)(૧): સુરત મહાનગરપાલિકા સંચાલિત શહેરી કુટુંબ કલ્યાણ

બ્યુરોની વિગતો તથા તેના દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી :–

સંસ્થાનું નામ :– શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો

તબીબી અધિકારી (વર્ગ–૧) નું નામ :– ડો.ફેનીલકુમાર અરુણલાલ પટેલ

ઓફીસનો સમય :– સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦

રજાઓની વિગત :– રવિવારે તથા બીજા અને ચોથા શનિવારે તે ઉપરાંત, સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર થયેલ તહેવારો તથા રજાના દિવસે શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોની ઓફીસ બંધ રહેશે.

સુપરવાઈઝરી તથા ફિલ્ડ સ્ટાફને તેમને આપવામાં આવેલ વિસ્તાર તેમજ નિર્ધારિત વસ્તી (૧૦,૦૦૦ પ્રતિ કાર્યકર) માં પ્રજનન સ્વાસ્થ્યનેલગતી સેવાઓ પૂરી પાડવા માટે બહુહેતુક સ્વાસ્થ્ય કાર્યકર તરીકે તાલીમ આપવામાં આવેલ છે.

**(૧) કુટુંબ કલ્યાણ પ્રવૃત્તિ :–**

(૧) વ્યંધિકરણ શસ્ત્રક્રિયા
(૨) આયુડી મુકાવવા અંગ માર્ગદર્શન
(૩) નિરોધ વિતરણ
(૪) ગર્ભ નિરોધક દવાઓનું વિતરણ

**(૨) આઈઈસી (માહિતી, :–**

(૧) નિયમીત સમૂહ મીટીંગો વડે સ્વાસ્થ્યશિક્ષણ– અભ્યાસ,સંચાર) જાગૃતતા અને શિક્ષણને લગતા કાર્યક્રમ
(૨) ન્યુઝપેપર તેમજ રેડીયો, ટીવી દ્વારા પ્રચાર પ્રસારની કામગીરી
(૩) સ્વાસ્થ્ય મેળા પ્રદર્શન
(૪) લોકજાગૃતિ માટે કઠપૂતળી કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા સંચાલિત શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો વિભાગ દ્વારા નીચે મુજબની ૭( સાત) યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે.

(૧) દિકરી યોજના :–

- યોજનાનાં હેતુઓ :–
  - (૧) વસ્તી વધારો અટકાવવો.
  - (૨) દિકરા–દિકરી વચ્ચેનો ભેદભાવ દૂર કરી, દિકરી પ્રત્યેનો સમાજનો દષ્ટિકોણ બદલવો.
- યોજનાના લાભાર્થીની પાત્રતા :–
  - ફકત ૧ અથવા ૨ દિકરી ધરાવતા દંપતિ જો કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે, તો જ તેમને આ યોજનાનો લાભ મળી શકે.
  - જો કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવનાર દંપતિ ફકત ૧ દિકરી ઉપર ઓપરેશન કરાવે, તો આ યોજનાનો લાભ લેવા માટે તે દિકરીની ઉમર ત્રણ વર્ષથી વધુ હોવી જોઈએ.
  - સાથોસાથ કુટુંબ નિયોજનનાં ઓપરેશન સમયે પત્નીની ઉમર ૩૫ વર્ષથી ઓછી હોવી જોઈએ.
- યોજના હેઠળ મળતા લાભો :–
  - (૧) ફકત ૧ દિકરી પર ઓપરેશન કરાવે, તો રૂા.૬,૦૦૦/– નાં રાષ્ટ્રીય બચતપત્રો
  - (૨) ફકત ૨ દિકરી પર ઓપરેશન કરાવે, તો રૂા.૫,૦૦૦/– નાં રાષ્ટ્રીય બચતપત્રો.

- કાર્ય વિસ્તાર :–

  સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ સમગ્ર વિસ્તાર.
- લાભ મેળવવા માટેની પ્રકિયા :–

**સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કેંદ્રની મુલાકાત લઈ સર્ગભા મહિલાઓ કે જે ગરીબી રેખા અર્તગત કુંટુબની હોય તે પોતાના બી.પી.એલ. કાર્ડ રજુ કરી આ યોજનાનો લાભ લઈ શકે છે.**

- **સંપર્કની વિગતો :–**
  - **સુરત મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્ર અને મેટરનીટી હોમ**